બરોડા લાયન્સ ક્લબ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

**બરોડા હાઈસ્કૂલ, દંતેશ્વર**
**ગુજરાતી માધ્યમ**

## અંક નં - ૬૦
## ઓગષ્ટ - ૨૦૨૬

# ઘમાચકડી

**સંપાદકશ્રીઓ**

મોના ગાડે, કામિની પઢિયાર
અનિલ સાળુંકે, પ્રમોદ ત્રિવેદી

www.barodahighschool.com

# અનુક્રમ


1 ધર્મજ્ઞાન .................................... 3-4

2 સપનાનું વાવેતર (મારા સપના) .... 5-6

3 જ્ઞાન ગંગા ................................ 6-9

4 મારી સર્જનાત્મકતા .................... 9-11

5 જ્ઞાન – વિજ્ઞાન ........................... 12

6 શિક્ષકની કલમે ........................... 13

7 આયુર્વેદની દુનિયા ...................... 14-15

8 રમૂજી ટુચકા ............................... 16

9 હું રાષ્ટ્રધ્વજ ................................ 17

# ધર્મજ્ઞાન













## ભગવદ્ ગીતા – અધ્યાય ૧૨, શ્લોક ૧૨

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानंविशिष्यते।
ध्यानात्कर्मफलत्यागस्त्यागच्छान्तिरनन्तरम् ॥१२॥

**અર્થ**

**અભ્યાસ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતાં ધ્યાન વધુ શ્રેષ્ઠ છે, અને ધ્યાન કરતાં કર્મના ફળનો ત્યાગ વધુ શ્રેષ્ઠ છે; કારણ કે કર્મફળના ત્યાગથી તરત જ મનને શાંતિ પ્રાપ્ત થાય છે.**

## શક્તિપીઠ (૪૮) : સુગંધ શક્તિપીઠ



સુગંધ શક્તિપીઠ (જે સુગંધા તરીકે પણ ઓળખાય છે) એ હિન્દુ ધર્મમાં પવિત્ર ૫૧ શક્તિપીઠો પૈકીની એક છે. આ મંદિર બાંગ્લાદેશમાં બરીસલથી લગભગ ૧૦ માઈલ ઉત્તરે શિકારપુર ગામમાં, સુગંધા નદીના કિનારે આવેલું છે. અહીં માતા સતીનું 'નાક' પડ્યું હોવાની માન્યતા છે. આ પવિત્ર સ્થાન પર દેવીની પૂજા 'સુનંદા' તરીકે થાય છે અને અહીં ભૈરવને 'ત્ર્યંબક' કહેવાય છે.

## સાતમ



શીતળા સાતમ ગુજરાતનો એક મહત્ત્વપૂર્ણ લોકધાર્મિક તહેવાર છે. તે શ્રાવણ વદ સાતમના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસે શીતળા માતાની પૂજા કરવામાં આવે છે. શીતળા માતાને રોગો, ખાસ કરીને ચામડીના રોગો અને ચેપી રોગોથી રક્ષણ આપનારી દેવી તરીકે માનવામાં આવે છે.

### શીતળા સાતમનું મહત્વ

શીતળા માતાની કૃપાથી પરિવારને આરોગ્ય અને સુખ-સમૃદ્ધિ મળે તેવી પ્રાર્થના કરવામાં આવે છે. ઘરમાં શાંતિ અને સંતાનોના કલ્યાણ માટે વ્રત રાખવામાં આવે છે. આ તહેવાર સ્વચ્છતા અને આરોગ્યનું પણ મહત્ત્વ સમજાવે છે.

### પૂજા વિધિ

- વહેલી સવારે સ્નાન કરવું. શીતળા માતાના મંદિરે અથવા ઘરે પૂજા કરવી.
- ફૂલ, કંકુ, ચોખા અને નૈવેદ્ય અર્પણ કરવું.
- પરિવારના આરોગ્ય અને સુખ માટે પ્રાર્થના કરવી.

### વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ

ચુલાને આરામ આપવાની પરંપરા ઈંધણની બચત અને આરામ સાથે પણ જોડાયેલી હોઈ શકે છે.
ભોજન યોગ્ય રીતે ઢાંકીને અને ઠંડકમાં રાખવામાં આવે તો તે સુરક્ષિત રહી શકે છે. જોકે આજના સમયમાં ગરમીમાં ખોરાક લાંબા સમય સુધી બહાર રાખવાથી બેક્ટેરિયા વધી શકે છે, તેથી રેફ્રિજરેટરમાં સાચવેલું ભોજન જ લેવું વધુ સલામત છે.
સ્વચ્છતા અને રોગોથી બચવાનો સંદેશ પણ આ તહેવાર દ્વારા મળે છે.

### પતેતી નિમિત્તે આજની યુવા પેઢી માટે સંદેશ.........

"ટેક્નોલોજી સાથે આગળ વધો, પરંતુ તમારા સંસ્કાર અને સંસ્કૃતિને ક્યારેય ભૂલશો નહીં. દરરોજ સારા વિચારો, સારા શબ્દો અને સારા કર્મો અપનાવો. ભૂલોમાંથી શીખો, સૌનો આદર કરો, પ્રકૃતિનું રક્ષણ કરો અને સમાજના વિકાસમાં તમારું યોગદાન આપો. સાચી સફળતા માત્ર કારકિર્દીમાં નહીં, પરંતુ સારા ચારિત્ર્યમાં પણ રહેલી છે."

ટૂંકું સૂત્ર: "આધુનિક બનો, પરંતુ મૂલ્યોને ક્યારેય ન છોડો.

## શાળાનું ગૌરવ

## સપનાનું વાવેતર (મારા સપના)



બરોડા હાઈસ્કૂલ,દંતેશ્વર (ગુજરાતી માધ્યમ)
ધો. 12 વિજ્ઞાન પ્રવાહ
(વર્ષ 2021-22)ની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ભાર્ગવી ભરતભાઈ માછી
જે ધો.12 વિજ્ઞાન પ્રવાહમાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી ગાંધીનગર ગવર્મેન્ટ કોલેજમાંથી કમ્પ્યૂટર સાયન્સ(CS) નો અભ્યાસ પૂર્ણ કરી હૈદરાબાદ એમેઝોન ખાતે નોકરી મેળવેલ છે.
આ ક્ષણ માટે શાળા અત્યંત ગર્વની લાગણી અનુભવે છે તથા ભાર્ગવીને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ શુભેચ્છા પાઠવે છે.

## 'વર્લ્ડ રોબોટ ઓલિમ્પિયાડ (WRO) - રિજનલ રાઉન્ડ ૨૦૨૬ની સ્પર્ધામાં વિજેતા બનનાર મિત, જય અને જયદેવને સમર્પિત...




વિદ્યાર્થી મિત્રો,
21 મી સદીના કૌશલ્યોમાંના નવીનતા અને સર્જનાત્મકતાનું કૌશલ્ય આપ સૌમાં છે જ. જરૂર છે તેને વિકસાવવાની. થોડીક આદતો અપનાવો અને ક્ષમતાઓ વિકસાવવા પ્રયત્નશીલ બનો તો આ કૌશલ્યોનો ચોક્કસ વિકાસ થશે.

➡️ નવી બાબતો જાણવાની અને શીખવાની ઉત્સુકતા રાખો.
➡️ નવા વિચારો અને સૂચનો સ્વીકારવાની તૈયારી રાખો.
➡️ નવી રીતે વિચારવાની અને નવી પદ્ધતિથી કાર્ય કરવાની શરૂઆત કરો.
➡️ નિષ્ફળતા છતાં ધીરજ અને ખંત સાથે સતત પ્રયત્ન ચાલુ રાખો.
➡️ અવલોકન શક્તિને સક્રિય કરો. આસપાસ બનતી ઘટનાઓ અને ક્રિયાઓનું નિરીક્ષણ કરતા રહો.
➡️ દરરોજ કંઈક નવું વાંચવું જોવું અને શીખવું. ભૂલોમાંથી શીખીને સુધારણા કરવી.
➡️'શા માટે ' અને 'કેમ' જેવા પ્રશ્નોને મનમાં સતત ઉદભવવા દો. ચર્ચામાં જોડાઓ અને સતત વિચાર મંથન કરતા રહો.
➡️ ટેકનોલોજી અને ડિજિટલ સાધનોનો સર્જનાત્મક ઉપયોગ કરો.
➡️ વાંચન, લેખન, ચિત્રકલા, સંગીત, નૃત્ય, વિજ્ઞાનના પ્રયોગો, પ્રોજેક્ટ કાર્ય વગેરેમાં નિયમિત ભાગ લો.
➡️ નવીનતા અને સર્જનાત્મકતા જન્મજાત ગુણો નથી. ઉપરોક્ત પ્રયત્નો વડે ચોકકસ સફળ રીતે વિકસાવી શકાય છે.

## વ્યક્તિ વિશેષ

## જ્ઞાન ગંગા



બાયોસાયન્સ વિભાગના પ્રાધ્યાપક પ્રો.રાજેશ પટેલ



કેમેસ્ટ્રી વિભાગના પ્રો.કિશોર એચ.ચીખલિયા

### વિશ્વના ટોચના 5% વૈજ્ઞાનિકોમાં VNSGUના બે પ્રાધ્યાપકો સામેલ

### પ્રો. રાજેશ પટેલ અને પ્રો. કિશોર ચિખલિયાએ યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું.

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના બે પ્રાધ્યાપકોને વિશ્વના ટોચના 5 ટકા વૈજ્ઞાનિકોમાં સ્થાન પ્રાપ્ત થતાં સમગ્ર શૈક્ષણિક જગતમાં આનંદની લાગણી વ્યાપી છે. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના પ્રાધ્યાપક પ્રો.રાજેશ પટેલ અને કેમેસ્ટ્રી વિભાગના પ્રો.કિશોર એચ.ચીખલિયાને સાયરૅન્ક ગ્લોબલ રજિસ્ટ્રી-2025 દ્વારા આ પ્રતિષ્ઠિત સ્થાન આપવામાં આવ્યું છે. પ્રો.રાજેશ પટેલ અને પ્રો. કિશોર એચ.ચીખલિયાએ પોતાના ગુણવત્તાસભર સંશોધન, આંતરરાષ્ટ્રીય સ્તરના વૈજ્ઞાનિક પ્રકાશનો અને જ્ઞાનસર્જન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાનના બળે આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ ઉપલબ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા જ નહીં પરતુ વીએનએસજીયુમાં વિકસતી સંશોધન સંસ્કૃતિ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી ગુણવત્તાસભર કામગીરીનું પણ પ્રતિબિંબ છે.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. એન. ચાવડાએ બંને પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા.

## જાણ્યું – અજાણ્યું




## હાલના સમયની ઘટના



## ફોનોલોજિકલ અવેરનેસ (PHONOLOGICAL AWARENESS) શું છે?

•ફોનોલોજિકલ અવેરનેસ એટલે શબ્દોની અંદર રહેલી ધ્વનિ (અવાજ)ની રચનાને સાંભળવાની, ઓળખવાની અને તેમાં ફેરફાર (MANIPULATE) કરવાની ક્ષમતા.

**ફોનોલોજિકલ કૌશલ્યોમાં સમાવેશ થાય છે:**

✔️ પ્રાસ (RHYME):
પ્રાસવાળા શબ્દોને ઓળખવા અને નવા પ્રાસવાળા શબ્દો બનાવવાની ક્ષમતા.

✔️ અનુપ્રાસ (ALLITERATION):
એકસરખા પ્રારંભિક ધ્વનિ ધરાવતા શબ્દોને ઓળખવા અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા.

✔️ ધ્વનિ અને શબ્દ ભેદ (SOUND AND WORD DISCRIMINATION):
વાક્યમાં રહેલા અલગ-અલગ ધ્વનિ અને શબ્દોને સાંભળીને ઓળખવા તથા કયો શબ્દ જુદો છે તે જણાવવાની ક્ષમતા.

✔️ અક્ષરખંડ જાગૃતિ (SYLLABIFICATION):
શબ્દને અક્ષરખંડોમાં (SYLLABLES) વહેંચવાની અને ફરી જોડીને બોલવાની ક્ષમતા.

✔️ ઓનસેટ અને રાઈમ (ONSET AND RIME):
શબ્દના પ્રારંભિક ધ્વનિ (ONSET) અને બાકીના ભાગ (RIME)ને અલગ પાડવાની તથા ફરી જોડવાની ક્ષમતા.

• **મહત્ત્વપૂર્ણ નોંધ**

ફોનોલોજિકલ અવેરનેસ અને ફોનેમિક અવેરનેસ ( PHONEMIC AWARENESS) એકસરખાં નથી.
ફોનેમિક અવેરનેસ એ ફોનોલોજિકલ અવેરનેસનો એક ભાગ છે.
ફોનોલોજિકલ અવેરનેસમાં ધ્વનિ સંબંધિત અનેક પ્રકારની કૌશલ્યોનો સમાવેશ થાય છે, જ્યારે ફોનેમિક અવેરનેસ વ્યક્તિગત ધ્વનિઓ (PHONEMES) ને ઓળખવા અને તેમાં ફેરફાર કરવાની ક્ષમતા પર કેન્દ્રિત છે.

## કોઈ દિવસ વિચાર્યું છે તમે આ બધા માં ૧૨ જ કેમ આવે...૧૧ કે ૧૩ કેમ નહીં ?

- ૧ ફૂટના ૧૨ ઈંચ
- ૧ ડઝનના ૧૨ નંગ
- ૧ વર્ષના ૧૨ મહિના
- નવગ્રહની રાશી ૧૨
- તપ ૧૨ વર્ષનું
- સ્કુલનું ભણતર ૧૨ વર્ષ
- ઘડિયાળમાં ૧ થી ૧૨ આંકડા
- દિવસનાં કલાક ૧૨
- રાત્રીનાં કલાક ૧૨
- મધ્યાહ્ન એટલે ૧૨ વાગે
- મધ્યરાત્રિ એટલે ૧૨ વાગે
- કાંઈક બગડ્યું, એટલે વાગ્યા ૧૨
- શેરબજાર તુટ્યું તો રોકાણ ગયું ૧૨ ના ભાવમાં
- ૧૨ ગાઉએ બોલી બદલાય
- રીઢો માણસ ૧૨ ગામનું પાણી પીધેલ હોય
- અણબનાવ માટે ૧૨ મો ચંદ્રમા
- જ્યોતિર્લિંગ ૧૨
- કૃષ્ણ જન્મ રાત્રે ૧૨ વાગે
- રામ જન્મ બપોરે ૧૨ વાગે
- ગુજરાતી ભાષામાં ૧૨ સ્વર એટલે કહેવાય બારાક્ષરી
- ૧૨ ગામનો મુખિયો
- જમીનનાં ઉતારા ૭/૧૨ ના
- ડીગ્રી કોર્સ ૧૨ માં પછી
- ખાયા પીયા કુછ નહીં, ગિલાસ ફોડા ૧૨ આના
- ૧૨ વર્ષે બાવો બોલ્યો
- ૧૨ વર્ષે છોકરી કન્યા ન કહેવાય
  મૃત્યુ પછી ૧૨ મું...




<u>ચર્ચા' અને 'પરિચર્ચા' શબ્દના પ્રયોગમાં અંતર :</u>

**ચર્ચા: કોઈ વિષય પર સામાન્ય વાતચીત કે વિચાર-વિમર્શ.**

**➡ ઉદાહરણ : જ્યારે કોઈ વ્યક્તિ અથવા થોડા લોકો કોઈ વિષય પર વાત કરે છે.**

**👉 પરિચર્ચા: કોઈ વિષય પર વ્યવસ્થિત, વિસ્તૃત અને મોટે ભાગે સમૂહમાં થતો વિચાર-વિમર્શ.**

**👉 જ્યારે અનેક લોકો કોઈ વિષય પર પોતાના વિચાર પ્રસ્તુત કરે છે અને સંવાદ થાય છે.**

**➡ ઉદાહરણ:**

**<u>ચર્ચા:</u> વિદ્યાર્થીઓએ પરીક્ષાની તૈયારી પર ચર્ચા કરી.**

**કક્ષામાં કવિતાની ચર્ચા થઈ.**

**<u>પરિચર્ચા:</u> વિદ્યાલયમાં પર્યાવરણ સંરક્ષણ પર પરિચર્ચા આયોજિત કરવામાં આવી.**

**વિશેષજ્ઞોએ નવી શિક્ષણ નીતિ પર પરિચર્ચામાં ભાગ લીધો.**

**➡ સંક્ષેપમાં:**

**ચર્ચા એટલે સામાન્ય વિચાર-વિમર્શ.**

**પરિચર્ચા એટલે સંગઠિત, વિસ્તૃત અને બહુપક્ષીય વિચાર-વિમર્શ.**

**પરીક્ષાલક્ષી અંતર: 'ચર્ચા' સાધારણ વાતચીત છે, જ્યારે 'પરિચર્ચા' કોઈ વિષય પર લોકોની વચ્ચે ઔપચારિક અને વિસ્તૃત વિચાર-વિમર્શ છે.**









## "મારા વાલી – મારું ગૌરવ"

## મારી સર્જનાત્મકતા

લોક પરંપરામાં એક સુંદર પ્રસંગ પ્રચલિત છે કે રાવણના અંતિમ સમયે ભગવાન શ્રીરામે લક્ષ્મણને તેમની પાસેથી રાજનીતિનું જ્ઞાન મેળવવા મોકલ્યા હતા. ભલે આ પ્રસંગ મૂળ વાલ્મીકિ રામાયણમાં નથી, પરંતુ તેનો બોધ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

જ્યારે ભગવાન શ્રીરામે યુદ્ધમાં રાવણને પરાજિત કર્યો અને રાવણ પોતાના અંતિમ શ્વાસ લઈ રહ્યો હતો, ત્યારે ભગવાન શ્રીરામે પોતાના નાના ભાઈ લક્ષ્મણને કહ્યું: "રાવણને તેના કર્મોની સજા મળી ચૂકી છે અને હવે તેનું મૃત્યું નિશ્ચિત છે. પરંતુ રાવણ રાજનીતિનો મહાન જ્ઞાતા છે. તેથી તારે તેની પાસે જઈને રાજનીતિનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ."

શરૂઆતમાં લક્ષ્મણજીને પોતાના દુશ્મન પાસે જઈને રાજનીતિનો બોધ લેવાનું થોડું અજુગતું લાગ્યું. પરંતુ ભગવાન શ્રીરામની આજ્ઞાનું પાલન કરતાં તેઓ રાવણ પાસે ગયા અને રાજનીતિ અને જીવનનીતિ નો ઉપદેશ આપવા વિનંતી કરી. રાવણ ઉપદેશ આપવા તૈયાર હતો, પરંતુ તેને લાગ્યું કે લક્ષ્મણજીમાં હજુ સંપૂર્ણ શિષ્યભાવ જાગ્યો નથી. તેથી તેણે કહ્યું કે, "જો તારે મારી પાસેથી જ્ઞાન મેળવવું હોય, તો પહેલાં મારો શિષ્ય બનવું પડશે."

ત્યારબાદ લક્ષ્મણજીએ રાવણને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા અને પૂર્ણ શિષ્યભાવથી તેમની સમક્ષ ઉપસ્થિત થયા. ત્યાર પછી રાવણે ગુરુભાવથી લક્ષ્મણજીને રાજનીતિ અને જીવન નીતિનો અમૂલ્ય બોધ આપ્યો.

આ સુંદર પ્રસંગ આપણને શીખવે છે કે જ્ઞાન જ્યાંથી પણ મળે, તેનો સ્વીકાર કરવો જોઈએ. સામેનો વ્યક્તિ આપણો દુશ્મન કેમ ન હોય, જો તેની પાસે જ્ઞાન હોય તો તે પણ ગુરુ બનવા યોગ્ય છે.

✍️ વાલી :- મિલન ભટ્ટ (હાસ્ય કલાકાર)

## જીગરી



તમે જ કહો, શું દોસ્તી નો કોઈ વ્યાખ્યા હોય ખરી ?
વાતો ના ખૂટતી હોય ત્યારે મુદ્દાની જરૂર હોય ખરી ?
અધૂરી વાતો અને જૂની યાદો, મિત્ર વિના અટકે ત્યારે
શરૂઆતની જરૂર હોય ખરી ?
જીવનના અઠવાડિયામાં જ્યારે રવિવારની રજા મળે..
દોસ્તોની મહેફિલ મળે ત્યારે મારો દિન ફળે,
અજબ-ગજબનો માહોલ બને, ત્યારે જીવનમાં સાચો
મિત્ર મળે .....
મસમોટી ફિલ્લમમાં નાનો અંતરાલ છે
જીગરી ભર ઉનાળે ઝાપટાની ભરમાર છે જીગરી
મળે જ્યારે સુદામાને શ્રીકૃષ્ણ, ત્યારે બીજી કોઈ
આશા બાકી હોય ખરી ?
તમે જ કહો, શું દોસ્તીની કોઇ સમજૂતી હોય ખરી?

વાલી- રબારી રાહુલ બી

## શ્રાવણ: શિવ, સેવા અને પ્રકૃતિ



શ્રાવણ શિવનો શણગાર, હરિયાળો સંસાર,
વાદળ વરસે પ્રેમથી, ગુંજે "હર હર મહાદેવ" ઉચ્ચાર.
ગંગાજળની શીતળ ધારા, શિવ જટામાં રમે,
બિલ્વપત્રની ભક્તિથી, ભોળાનાથ હૃદયે સમે.
સર્વ જીવસૃષ્ટિ ગાય શિવમય ગાન,
ગુંજે "ઓમ નમઃ શિવાય" આખું બ્રહ્માંડ.
નંદી, નાગ ને ચંદ્ર શોભે, શિવનો દિવ્ય શણગાર,
પ્રકૃતિ સાથે તાદાત્મય, એ જ જીવનનો આધાર.
વૃક્ષ ઉછેરી, જળ બચાવીએ, એ જ શિવની પૂજા,
જીવદયા ને પ્રકૃતિસેવા, એ જ સાચી પૂજા.
શિવને ચઢતા દૂધ ને ફળ જરૂરિયાતમંદને આપીએ,
જીવસેવા ને અન્નદાનથી, ભોળાનાથને રાજી રાખીએ.
મનમાં શ્રદ્ધા, હાથે સેવા, હૃદયે પ્રેમ અપાર,
એવી ભક્તિ સ્વીકારજો, હે શંભુ કરજો ઉદ્ધાર.
શ્રાવણ મહિમા જીવનમાં, સદ્કર્મો સુવાસ,
પ્રકૃતિ સેવા ને શિવભક્તિ – એ જ જીવન

વાલી :- વર્ષા દાયમા

## નટખટ કાનુડો



નાનો કાનો તોફાની,
નટખટ માખણ ચોર,
માખણની મટકી જોઈને,
કાન્હાને આવે જોર.

ખુરશી ઉપર ચઢી જાય,
આંગળી વડે ફોડે,
માખણ મોઢે ચોપડીને,
મિત્રો સંગ હિંડોળે.

યશોદા માતા ડંડો લઈને,
પાછળ એની દોડે,
કાનો હસીને ભાગે,
કોઈ ન આવે એની તોલે.

વાલી :- જયદીપ બેહેરે

## ગુજરાતી – ગૌરવની ભાષા



મારી બોલી ગુજરાતી,
મીઠી લાગે સૌથી,
"કેમ છો" કહેતા જ,
મન ખુશ થઈ જાય.
દક્ષિણમાં તમિલ બોલે,
પૂર્વમાં બંગાળી ગુંજે,
ઉત્તરમાં હિન્દી, પંજાબી,
પશ્ચિમમાં મરાઠી રણઝણે .
ભાષા અલગ અલગ સાચી,
પણ દિલ તો એક જ ભારતનું,
પ્રાદેશિક ભાષા બચાવીએ,
દેશની સંસ્કૃતિને સજાવીએ.

વાલી :- શિવાની બેહેરે

## પ્રકૃતિ

લીલાંછમ વૃક્ષો રંગીન ફૂલો,
પ્રકૃતિ ભરે આનંદનો ઝૂ.
કલરવ કરતાં નાના પંખી,
મનને લાગે મીઠાં સખી.
નદીનું નિર્મળ વેહતું પાણી,
ધરતી ગાય જીવનની વાણી.
વરસાદ લાવે હરિયાળી,
ખીલે ખેતર, ખુશી નિરાળી.
ચાલો સૌ મળીને કરીએ સંકલ્પ
પ્રકૃતિનું કરીએ સદા રક્ષણ અખંડ.

વાલી : ડોડીયા દક્ષાબા મહેન્દ્રસિંહ

# બાળ લેખણી

## मैं एक आजाद बेटी।



मैं एक बेटी, अपनी पहचान बनाऊंगी,
मुझे बेटा बनने की जरूरत नहीं! मैं बेटी बनकर ही नाम कमाऊंगी।
मैं अकेली ही काफी हूं यह पूरी दुनिया को दिखाऊंगी,
ना परेशान करना मुझे वरना ,स्वयं दुर्गा बनकर सामने आऊंगी।
मैं अपना हर एक सपना पूरा करूंगी, आजाद चिड़िया बनकर खुले आसमान में उड़ान भरूंगी।
मैं अपने सुंदर ख्वाबों से अपनी अलग दुनिया सजाऊंगी,
अपने जीवन का हर एक पल जी कर अपना लक्ष्य खुद चुनूंगी।
मैं बेटी हूं पर नाजुक नहीं!यह पूरी दुनिया को दिखाऊंगी,
जी हां, मैं अपनी कहानी अपने हाथों से लिखूंगी....
मैं एक आजाद बेटी।

વિદ્યાર્થીની :- દિશા સોલંકી ધોરણ :- ૧૦

## રણ તો લીલાછમ...



તરસ્યા ગળાની વચમાં જ્યારે આખુંય મૃગજળ મલકે છે,
ત્યારે જ કોઈ ખૂણામાં એક લીલુંછમ સપનું સલકે છે.
લોકો કહે છે રેતી આંખમાં ખૂંચે છે અહર્નિશ,
પણ એ જ રેતીમાં ક્યાંક ભીનો ભરોસો છલકે છે.
રણ તો લીલાછમ થઈ શકે, જો ભીતર વહેતી ધાર હોય,
સૂકાભઠ્ઠ આ આયખામાં પણ આસનો કોઈ પલકાર હોય.
કાંટાઓનું શું કામ વઢવું? એ તો સીમાડા સાચવે છે,
ખરી મજા ત્યારે છે, જ્યારે રણમાંય વસંતનો આવકાર હોય.
દિશાઓ બધી અટવાઈ જાય એવા વાવાઝોડા અહીં નિત નડે,
પગલાંઓ ભૂંસાઈ જાય, ને માર્ગ પોતાનો જ શોધવો પડે.
પણ ધગધગતા તડકાને જ પોતાનું ઓઢણું જે બનાવી લે,
એને પછી ક્યાં કોઈ ભારે મોસમની સામે નમવું પડે?
આ જીવતર પણ એક અફાટ મરુભૂમિ જ તો છે,
જ્યાં હર ક્ષણ એક નવો આકરો કસોટીનો દોર છે.
પણ જેણે પોતાની ભીતર એક નાનકડો રણદ્વીપ જીવતો રાખ્યો,
એના માટે તો આ રણ પણ નંદનવનનો ચોર છે!
નથી માગવી મારે કોઈ વાદળની ઉછીની મહેરબાની,
મારા પોતાના જ આંસુથી હું સીંચીશ આ સફરની કહાની.
જ્યારે ધૈર્યના બીજ આ કાળમીંઢ રેતીમાં ફણગો ફોડશે,
ત્યારે દુનિયા જોશે રણની આ લીલીછમ જિંદગાની!!

આયુષી મનોજકુમાર વરીયા ધોરણ :- ૧૦

## મારી કલા





પાર્થ પઢિયાર ધોરણ :- ૫

# જ્ઞાન – વિજ્ઞાન



લાલ મખમલી જીવ
(Red Velvet Mite)
વિજ્ઞાનિક નામ : Trombididae (કુટુંબ)
આ નાના, મખમલી અને તેજસ્વી લાલ રંગનો જીવ ચોમાસાની શરૂઆતમાં અથવા વરસાદ પછી જમીન, પથ્થર અને ઝાડની છાલ પર જોઈ શકાય છે.
ઓળખ
• રંગ : તેજસ્વી લાલ, મખમલી જેવી રચના
• કદ : લગભગ 3 – 10 મિમી
• આકાર : ગોળાકાર શરીર અને 8 પગ
• દેખાવનું સ્થળ : જમીન, પાંદડા, પથ્થર, ઝાડની છાલ વગેરે
વિશેષતાઓ
ચોમાસાની શરૂઆતમાં અથવા વરસાદ પછી સામાન્ય રીતે જોવા મળે છે.
નાના જંતુઓના ઈંડા, લાર્વા અને અન્ય સૂક્ષ્મ જીવ ખાઈને પર્યાવરણમાં સંતુલન જાળવે છે.
છોડને નુકસાન કરતું નથી, Agricultural માટે લાભદાયક.
માનવ માટે હાનિકારક નથી.
ફાયદા
ખેતરમાં નાના જીવાતોના નિયંત્રણમાં મદદરૂપ.
પર્યાવરણમાં કુદરતી સંતુલન જાળવે છે.
પ્રકૃતિનો એક મહત્વનો અને નિર્દોષ ભાગ.
ધ્યાન રાખો
આ જીવને નષ્ટ ન કરો.
તેને હાથથી મારવાની જરૂર નથી.
આપણા માટે નિર્દોષ અને ફાયદાકારક છે.
શું તમે જાણો છો?
ભારતના ઘણા વિસ્તારોમાં તેને 'રાણી કીડો', 'લાલ મખમલી જીવ' અથવા 'વરસાદની જીવ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
જોવાનું શ્રેષ્ઠ સમય
જૂન થી સાટેમ્બર
(ચોમાસાની ઋતુ)
પ્રકૃતિ આપણું ખજાનો છે, તેનું જતન કરીએ.




વરસાદનું માપન
વરસાદની માત્રા માપવા માટે રેઇન ગેજ (Rain Gauge) નો ઉપયોગ કરવામાં આવે છે.
વરસાદ માપવાની રીત
1 રેઇન ગેજને ખુલ્લા મેદાનમાં સમતલ જગ્યાએ મૂકો.
2 વરસાદ પડે ત્યારે પાણી રેઇન ગેજ માં એકત્રિત થશે.
3 વરસાદ બંધ થયા પછી ગેજ માં એકત્રિત થયેલ પાણીનું સ્તર વાંચો.
4 વાંચેલા માપને મિલીમીટર (mm) માં નોંધી.
mm
120
100
80
60
40
20
0
માપ વાંચવાની રીત
50
40
આ ઉદાહરણમાં વરસાદનું માપ 45 mm છે.
મહત્વપૂર્ણ બાબતો
• રેઇન ગેજ હંમેશા સીધી અને સ્થિર સ્થિતિમાં રાખો.
• તેને ઘરની દીવાલ, વૃક્ષ કે અન્ય અવરોધોથી દૂર રાખો.
• દરરોજ એક જ સમયે માપ લો, જેથી માહિતી ચોક્કસ મળશે.
એકમ (Unit)
વરસાદનું માપ સામાન્ય રીતે મિલીમીટર (mm) માં નોંધીવામાં આવે છે.
mm
ચોકસ માપનથી હવામાનનો અભ્યાસ, ખેતી આયોજન અને પાણી સંચાલન કરવામાં મદદ મળે છે.




સોલાર + નેટ મીટર કેવી રીતે કામ કરે?
NET METER
તમારી વીજળી તમે બનાવો, વાપરો અને વધારાની વીજળીથી બચત કરો!
1 દિવસ દરમિયાન
સોલાર પેનલ વીજળી બનાવે છે અને પહેલા તમારા ઘરના ઉપકરણો એ વીજળી વાપરે છે.
2 વધારાની વીજળી
જો સોલાર વધુ વીજળી બનાવે અને વપરાશ ઓછો હોય, તો વધારાની વીજળી વીજ લાઈનમાં જાય છે. નેટ મીટરમાં આ યુનિટ એક્સપોર્ટ (Export) રીડિંગથી નોંધાય છે.
3 રાત્રે અથવા વાદળ છાયા દિવસે
સોલાર ઓછું અથવા બંધ હોય ત્યારે વીજ લાઈનમાંથી વીજળી વપરાય છે. નેટ મીટરમાં આ યુનિટ ઈમ્પોર્ટ (Import) રીડિંગથી નોંધાય છે.
4 બીલ કેવી રીતે બને?
બીલ નેટ યુનિટ પર બનશે.
નેટ યુનિટ = ઈમ્પોર્ટ યુનિટ - એક્સપોર્ટ યુનિટ
• જો ઈમ્પોર્ટ યુનિટ વધુ હશે તો નેટ યુનિટનું બીલ ભરવું પડશે.
• જો એક્સપોર્ટ યુનિટ વધુ હશે તો નેટ યુનિટના ક્રેડિટ બીલમાં મળશે.
ELECTRICITY BILL
5 ઉદાહરણથી સમજો
પહેલું ઉદાહરણ:
ઈમ્પોર્ટ યુનિટ = 200
એક્સપોર્ટ યુનિટ = 150
200 - 150 = 50 (નેટ યુનિટ)
• અહીં તમારે 50 યુનિટનું બીલ ભરવું પડશે. તમારા એક્સપોર્ટ યુનિટ બાદ મળશે.
• 50 યુનિટનું બીલ અંદાજે રૂ. 350 થાય છે જે ભરવું પડશે.
BILL
બીજું ઉદાહરણ:
ઈમ્પોર્ટ યુનિટ = 200
એક્સપોર્ટ યુનિટ = 250
200 - 250 = -50 (નેટ યુનિટ)
• અહીં તમારે 50 યુનિટ વધારાના છે એટલે તે યુનિટના તમને સોલાર રેટ મુજબ બીલમાં ક્રેડિટ મળશે.
• 50 x 2.25 (હાલનો સોલાર રેટ) = 112.50 તમારા બીલમાં જમા મળશે.
સોલારથી બચત પણ, અને આવતીકાલ માટે સુરક્ષિત પણ!




લેન્સ ગોળ હોય છે, તો ફોટો ચોરસ કેમ આવે છે?
કેમેરાનું લેન્સ ગોળ (Round) હોય છે કારણ કે તે દરેક દિશામાંથી પ્રકાશ એકત્રિત કરે છે અને અંદરના ઈમેજ સેન્સર પર મોકલે છે.
પરંતુ ફોટોનું કદ લેન્સ નક્કી કરતું નથી, ઈમેજ સેન્સર નક્કી કરે છે.
1. લેન્સ ગોળ હોય છે
લેન્સ ગોળ હોય છે.
તે ચારેય દિશામાંથી પ્રકાશ એકત્રિત કરે છે.
2. ઈમેજ સેન્સર ચોરસ/લંબચોરસ હોય છે.
ઈમેજ સેન્સર ચોરસ અથવા લંબચોરસ (Rectangle) હોય છે.
તેથી સેન્સર માત્ર ગોળ પ્રકાશનો વચ્ચેનો ચોરસ/લંબચોરસ ભાગ જ રેકોર્ડ કરે છે. પરિણામે આપણને ફોટો ચોરસ અથવા લંબચોરસ દેખાય છે.
સરળ ઉદાહરણ
ગોળ ટોર્ચનો પ્રકાશ દિવાલ પર પાડો.
તે પ્રકાશની સામે ચોરસ કાગળ મૂકો.
કાગળ પર માત્ર ચોરસ ભાગ જ દેખાશે.
કેમેરામાં પણ આવું જ થાય છે.
સારાંશ
લેન્સ ગોળ હોય છે.
પ્રકાશ ગોળાકારમાં ફેલાય છે.
સેન્સર ચોરસ/ લંબચોરસ હોય છે.
સેન્સર માત્ર તે ભાગને જ કેપ્ચર કરે છે, તેથી ફોટો ચોરસ અથવા લંબચોરસ આવે છે.
એટલે લેન્સ ગોળ હોવા છતાં, ફોટો ચોરસ અથવા લંબચોરસ આવવાનું કારણ ઈમેજ સેન્સરનું આકાર છે.

## શિક્ષકની કલમે

## બાળક સાથેનો સમય એટલે સાચું રોકાણ 🌸

💖 રોકાણ તો આજના સમયમાં કોઈ પણ કરે છે,
👨‍👩‍👧‍👦 પણ સાચું રોકાણ એટલે બાળકો પાછળ સમય આપવો.
😊 જે બાળક તમારા જીવનમાં ખુશીઓ લાવનાર છે,
❤️ એને ખુશીનો એક ભાગ સમજી તેની પાછળ સમય તો આપો.
😂 બાળકો સાથે બેસી બે પળ હસવાથી,
🤝 રોજ આપણા પ્રત્યેનો પ્રેમ વધતો જાય – એટલે સાચું રોકાણ.
🎲 રમતમાં, 🗣️ વાતોમાં, 🌈 સપનામાં જોડાણ,
💝 બાળક સાથેનો સમય એટલે સાચું રોકાણ.
🎁 મોંઘી ભેટોથી ખુશી ક્યાં મળે?
હૂંફભર્યો સ્પર્શ જ હૈયે ફલે.
💕 સ્નેહના શબ્દો બને જીવનનું ભાન,
👨‍👩‍👧 બાળક સાથેનો સમય એટલે સાચું રોકાણ.
👂 આપી તેની વાતોને માન,
📚 જરૂર પડે ત્યારે અપાતું જ્ઞાન.
💭 સમજીએ મનની મીઠી લાગણીઓ,
🤝 વિશ્વાસના બંધનનું થાય નિર્માણ.
🌟 બાળક સાથેનો સમય એટલે સાચું રોકાણ.
⏳ આજે આપેલો થોડોક સમય,
💪 આવતીકાલે બનશે તેનો આત્મવિશ્વાસ સદાય.
🌺 સંસ્કાર, ❤️ પ્રેમ અને ✨ ઉજ્જવળ ઓળખાણ,
👨‍👩‍👧‍👦 બાળક સાથેનો સમય એટલે સાચું રોકાણ.

**શિક્ષક - જતીન સોની**

## 21 મી સદીના કૌશલ્યો : નવીનતા અને સર્જનાત્મકતા

હું એવો વિદ્યાનો અર્થી, નથી સાધારણ રહેવાનો,
નવીનતા ને સર્જનાત્મકતાના શિખર સર કરવાનો.
રહેશે ખુલ્લું મન ને મગજ નવા વિચારો ઝીલવા,
પડકારોને માની તક, રહું કર્મઠ સમસ્યા ઉકેલવા.
આસપાસની ઘટનાઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું,
સંજોગ સાથે જાતને મારે સતત બદલતા રહેવું.
વિચારો મારા દોડ્યા જ કરે કલ્પનાની પેલે પાર,
નથી અશક્ય કંઈ જ અહીં, પુરુષાર્થ જ અપાર.
મારી સાથે રહે સદાય એક કલાનો સંગ,
નવા પ્રયોગો કરતા કરતા રાખું સૌને દંગ.
'કંઈક નવું' કરવાનું કહેતી રોજ સવાર ઉઘડે,
ભૂલોમાંથી જ શીખવાનું છે હૈયું મારું બબડે.
અનુભવોની હાર માળા મને બનાવે સમર્થ,
સકારાત્મક વિચાર મંથન સફળતાનો છે અર્થ.
સ્પર્ધાઓની દોડમાં મારા ખાલી પ્રયત્નો થાકશે,
નવીનતાનો સાથ મને સૌમાં અલગ પાડશે.
હું એવો વિદ્યાનો અર્થી, નથી સાધારણ રહેવાનો,
નવીનતા ને સર્જનાત્મકતાના શિખર સર કરવાનો.

**રીટા પરમાર : સુપરવાઈઝર**



## બાળકને બાળક રહેવા દઈએ?

નિષ્પાપ એના ચેહરા પર ભોળપણની પ્રાકૃતિક લાલિમા હોય જ છે તો પછી કૃત્રિમ લાલિમાની શી જરૂર? ઊંઘમાંથી ઊઠેલું બાળક અને એના વેરવિખેર વાળ મોહક લાગે છે તો પછી લટો કાપવાની કે સ્ટાઈલિશ કટવાળા વાળ કપાવવાની શું જરૂર? હમણાંથી જ બાળકોને રીલની દુનિયામાં આંગળી પકડીને કેમ લઈ જવા? ગમે તે ગીત પર ઠુમકા મરાવવા અને તે પણ કોના માટે? લોકો જુએ, લાઈક કરે માટે? આપણા બાળકોને આપણે પ્રદર્શનની વસ્તુ બનાવી દઈએ એ કેટલી હદે યોગ્ય?શું આપણે આંધળું અનુકરણ કરી બાળકોને અંધારી કેડી તરફ દોરી રહ્યા છીએ? શું આપણે જ એમને સરખામણીની અંધારી ખાઈ તરફ ધકેલી રહ્યા છીએ? મિત્રો, વિચારશો..શું આપણે પણ અંધારામાં નથી ને? જે બાળક આજે બાળગીત સ્પષ્ટ ગાઈ નથી શકતું એને ગમે તેવા ગીત પર ડાન્સ કરાવી,સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવું...યોગ્ય છે? આ બધું બાળક માટે હાનિકારક બની શકે છે.તો મિત્રો,વિચાર કરો અને બાળકને યોગ્ય દિશા તરફ દોરો...કારણ આ કાર્ય વાલી તરીકે તમે...હા..ફક્ત તમેજ કરી શકશો.
તો ચાલો, આજથી બાળકને બાળક રહેવા દઈએ! પ્રાકૃતિક રીતે ખીલવા દઈએ...😊

**અંજલી છાયા : સુપરવાઈઝર**

# આયુર્વેદની દુનિયા

**સવારે ખાલી પેટે આટલી વસ્તુઓ અવશ્ય ખાવી :**
**ખાવા પીવામાં ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. કયા સમયે શું ખાવું અને શું ન ખાવું તેનું જ્ઞાન હોવું ખૂબ જ જરૂરી છે. સવારે ખાલી પેટ આટલી વસ્તુઓ ખાવાથી શરીરને ખૂબ જ ફાયદા થાય છે.**



## ચણા

સવારે ખાલી પેટ પલાળેલા ચણા ખાવા શરીરના આરોગ્ય માટે લાભદાયક છે. રાત્રે સુતા પહેલા એક મુઠ્ઠી જેટલા ચણા પલાળી દેવા અને સવારે ઊઠીને તે ચણા ખાવા. ચણા સાથે ગોળ ખાવાથી વધારે ફાયદો થશે. નિયમિત આ રીતે ચણા ખાવાથી શરીરની નબળાઈ દૂર થાય છે, લોહીની ઉણપ હોય તો તે મટે છે અને શરીર શક્તિશાળી બને છે.



## મધ

સવારે ખાલી પેટ તમે મધ લઈ શકો છો. એક ગ્લાસ પાણીમાં એક ચમચી જેટલું શુદ્ધ મધ મિશ્ર કરી અને તે પી જવું. આ રીતે મધનો ઉપયોગ કરવાથી શરીરને ઘણા ફાયદા થાય છે. નિયમિત મધ લેવાથી પાચનશક્તિ મજબૂત બને છે, પાચનને લગતી બીમારીઓ મટે છે, શરીરનો વજન નિયંત્રિત થાય છે, શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે અને શરીરને એનર્જી મળે છે.



## પપૈયું

પાકું પપૈયું તમે સવારે ખાલી પેટ લઈ શકો છો. ખાલી પેટ પપૈયું ખાવાથી વજન નિયંત્રિત થાય છે અને શરીરમાં કોલેસ્ટ્રોલનું લેવલ ઓછું થાય છે. આ સિવાય પપૈયું ખાવાથી હાઈ બીપી અને હૃદયના રોગોમાં ફાયદો થાય છે.



## ઓટ્સ

સવાર સવારમાં એકાદ વાટકી જેટલા ઓટ્સ ખાવાથી ઘણા ફાયદા થશે. ઓટ્સની અંદર રહેલું ફાઈબર કોલેસ્ટ્રોલનું લેવલ ઓછું કરશે અને પેટમાં થતી એસીડીટી મટાડશે.



## તરબૂચ

સવારે ખાલી પેટ તરબૂચ ખાવું જોઈએ. તરબૂચમાં પાણી પુષ્કળ પ્રમાણમાં હોય છે જે શરીરને ડીહાઈડ્રેશનથી બચાવશે. તરબૂચમાં રહેલું લિકોપીન નામનું તત્વ હૃદય અને આંખોને ફાયદો કરે છે.



## સૂકો મેવો

સવારે ખાલી પેટ તમે સૂકો મેવો કાજુ, બદામ, અખરોટ, અંજીર, કિસમિસ વગેરે ખાઈ શકો છો. તેમાં પણ ખાલી પેટ પલાળેલી બદામ, કિસમિસ અને અંજીર ખાવાથી શરીરને વધારે ફાયદો થશે. રાત્રે પલાળીને સવારે ખાવાથી તે અનેક ગણો ફાયદો કરશે. સુકો મેવો ખાવાથી શરીરને પ્રોટીન અને એનર્જી મળશે.

## સાંધાના દુખાવામાં આ ત્રણ ઉપાય અજમાવી જુઓ

સાંધાના દુખાવાની સમસ્યા મોટી ઉંમરના લોકોને જ હોય તેવું નથી. હવે તો ખરાબ લાઈફ સ્ટાઈલ અને પોષણના અભાવના કારણે નાની ઉંમરમાં પણ લોકોને સાંધાના દુખાવા થઈ જાય છે. સાંધાના દુખાવા થવાનું મુખ્ય કારણ લાંબા સમય સુધી એક જગ્યા પર બેસી રહેવું, એક્સરસાઈઝનો અભાવ પણ હોઈ શકે છે. જોકે કેટલાક ઘરેલુ ઉપાયની મદદથી આ દુખાવાથી રાહત મેળવી શકાય છે.



## હળદર વાળું દૂધ પીવું

હાડકાં સંબંધી કોઈ પણ સમસ્યા થઈ હોય તો ઘરના વડીલો હળદર વાળું દૂધ પીવાની સલાહ આપે છે. જો સાંધાના દુખાવા રહેતા હોય તો નિયમિત હળદરવાળું દૂધ પીવાનું શરૂ કરી દો. હળદર નેચરલ પેન રિલીવર ગણાય છે. હળદરમાં રહેલા પોષક તત્ત્વ સોજા અને દુખાવાને દૂર કરવામાં મદદ કરે છે. જે લોકોને સાંધાના દુખાવાની તકલીફ હોય તેમણે રાત્રે સૂતા પહેલા હુંફાળા દૂધમાં હળદર મિક્સ કરીને પીવી જોઈએ. તેનાથી દુખાવાથી રાહત મળી શકે છે.



## ગરમ અથવા ઠંડા પાણીનો શેક

સાંધાના દુખાવાથી રાહત મેળવવા માટે ગરમ અથવા ઠંડા પાણીનો શેક પણ મદદરૂપ સાબિત થઈ શકે છે. જો સાંધામાં દુખાવાની સાથે સોજા પણ રહેતા હોય તો બરફ અથવા ઠંડા પાણીથી શેક કરવો જોઈએ. તેનાથી ફાયદો થઈ શકે છે. સાંધા જકડાઈ ગયા હોય અને તેના કારણે દુખાવો રહેતો હોય તો તે જગ્યા પર ગરમ પાણીથી શેક કરવો ફાયદાકારક રહેશે. ગરમ અથવા ઠંડા પાણીને બોટલમાં ભરીને સાંધા પર 10 થી 15 મિનિટ માટે શેક કરવો તેનાથી બ્લડ સર્ક્યુલેશન સુધરે છે.



## મેથી દાણા

સાંધાના દુખાવામાં મેથી દાણા પણ ફાયદાકારક સાબિત થાય છે. મેથી હાડકાને મજબૂત પણ કરે છે અને લાંબા સમયથી જો સાંધાનો દુખાવો હોય તો તેનાથી પણ રાહત અપાવે છે. તેના માટે એક ચમચી મેથીને રાત્રે પાણીમાં પલાળી દો અને સવારે ખાલી પેટ આ મેથી ખાઈ લેવી.



## ડમરો

એક ઔષધીય અમૃત

ડમરોએ તુલસી કુળનું એક સુગંધિત ઔષધીય છોડ છે.

વૈજ્ઞાનિક નામ : OCIMUM GRATISSIMUM

કુળ: તુલસી કુળ

ગુજરાતી નામ: ડમરો

હિન્દી નામ: ડમરુ સુગંધિત, બહવાર્ષિક જાડી

પાન: લીલા અથવા જાંબલી છાંટવાળા, સુગંધિત

ફૂલ: સફેદ કે જાંબલી, નાના અને ગુચ્છામાં

સ્વાદ: તીખો-મસાલેદાર

સુગંધ: લવિંગ જેવી સુગંધ.

ડમરાના ઔષધીય ગુણધર્મો:

આરોગ્યનું પ્રાકૃતિક રક્ષક

જીવાણુનાશક અને એન્ટિબાયોટીક ગુણધર્મ ધરાવે છે.

## ચતુર કરો વિચાર

જો એક સમોસાની કિંમત ૧૫ રૂપિયા હોય, અને દુકાનદાર " ૩ ખરીદો અને ૧ મફત " ઓફર કરી રહ્યો હોય, તો ૯૦ રૂપિયામાં કુલ કેટલા સમોસા મળશે?

## ઉખાણાં – જોડકણાં

કાદવમાં હું ખીલતું ફૂલ,
ગુલાબી મારો રંગ છે,
લક્ષ્મીજીને હું બહુ વહાલું,
ભારતમાં મારું રાષ્ટ્રીય
માન છે.





વડલાં ડાળે હીંચકો ઝૂલે
આંધણ મુક્યા ઘરના ચૂલે
ચાવીથી આ બારણું ખૂલે
ગરમ તેલમાં વેફર ફૂલે



મમ્મી પપ્પા
મારે ગપ્પા
દાદા દાદી
પહેરે ખાદી
કાકા કાકી
જુએ તાકી
માસા માસી
ખાતાં ખાંસી

## ભેદભાવની અજાયબી

આપેલ ચિત્રમાં ૧૦ તફાવત શોધો.



## ફેસબુક / યુ TUBE ના સૌજન્યથી

https://youtu.be/5_crAf9bkdM?si=VO7jjM0jOyUXyElh

## રમૂજી ટુચકા












# હું રાષ્ટ્રધ્વજ

## હું તિરંગો બોલું છું : મારા જન્મના છેલ્લા સાત દિવસ

July 16



મારો આત્મા તો હતો, પણ ચહેરો અધૂરો હતો! આઝાદી આડે માંડ એક મહિનો બાકી હતો. 1931થી કોંગ્રેસનાં અધિવેશનોમાં લહેરાતા મારા કેસરી, સફેદ, લીલા રંગે અને મધ્યમાં ગાંધીજીના 'ચરખા' એ અંગ્રેજોની ઊંઘ તો હરામ કરી જ દીધી હતી. પણ સાથે 16 જુલાઈએ બંધારણ સભામાં વિવાદ જાગ્યો કે આઝાદ ભારતનો રાષ્ટ્રધ્વજ કેવો હોય? બરાબર એ જ દિવસે બંધારણ સભાના કાયદાકીય સલાહકાર બી. એન. રાવે રાષ્ટ્રપતિ ભવનમાં કાર્યરત આઈ. સી. એસ. ઓફિસર બદરૂદ્દીન તૈયબજી અને તેમનાં કલાપ્રેમી પત્ની સુરૈયાજીનો સંપર્ક કર્યો. આમ મારી જવાબદારી આ દંપતીને સોંપાઈ.

### સુરૈયાજીની કલ્પના અને અશોક ચક્રનો જન્મ

June 17



અચાનક સુરૈયાજીએ વિચાર્યું કે આપણે અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન, સમ્રાટ અશોકના સારનાથ સ્તંભવાળા 'ધર્મચક્ર' ને જ ધ્વજમાં સ્થાન આપીએ. તેમણે કાગળ પરથી ચરખો દૂર કરીને મધ્યના સફેદ પટ્ટામાં 24 આરાવાળું ઘેરા વાદળી રંગનું અશોક ચક્ર દોરી દીધું. તે ભૌમિતિક રીતે પણ એટલું સચોટ હતું કે ધ્વજની બંને બાજુથી સરખું જ દેખાતું હતું અને દેશની અવિરત પ્રગતિનો પણ સંદેશો આપતું હતું. આ નવી ડિઝાઈન સમિતિ સમક્ષ ગઈ. અને સમિતિએ એક અવાજે કહ્યું: 'હા, આ જ આપણો સાર્વભૌમ રાષ્ટ્રધ્વજ બનશે!'

### બ્રિટિશ સંસદની મંજૂરી અને કટોકટી

July 18




લંડનમાં બ્રિટિશ સમ્રાટે 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ એક્ટ 1947' પર હસ્તાક્ષર કર્યા. આ સાથે સત્તાવાર રીતે ભારતની આઝાદીની મિનિટો ગણાવવાની શરૂ થઈ ગઈ. હવે ભારત પાસે પોતાનો કાયદેસરનો ધ્વજ હોવો જરૂરી હતો. ગુલામીની બેડીઓ તૂટવાની આ ક્ષણે કરોડો ભારતીયોની આશા અને અસ્મિતાનું પ્રતીક બનવાનું સદભાગ્ય અને મળવાનું હતું. જોકે, મારી મૂર્તિ કાગળ ઉપર તૈયાર હતી, તેને જીવંત કાપડનું રૂપ આપવાનું હજુ બાકી હતું.

### ખાદી અને માઈક્રોનનું ગણિત

July 19




એક સાર્વભૌમ રાષ્ટ્રના ધ્વજ માટે ગમે તે કાપડ ન ચાલે. નક્કી થયું કે મારો દેખાવ માત્ર અને માત્ર હાથથી વણેલી અને કાંતેલી શુદ્ધ ખાદીનો જ હોવો જોઈએ. કારણ કે ખાદી એ માત્ર કાપડ નહોતું, પણ આઝાદીના જંગમાં સ્વાવલંબન અને લાખો દેશભક્તોનાં બલિદાનનું જીવંત પ્રતીક હતું. કેસરી, સફેદ અને લીલા રંગના કાપડની ઘનતા અને તેની લંબાઈ- પહોળાઈના રેશિયો (3:2) પર ગણતરીઓ શરૂ થઈ ગઈ.

July 20



### સોયનો છેલ્લો ટાંકો અને મારો પ્રથમ શ્વાસ

નવી ડિઝાઈનનો પહેલો નમૂનો બંધારણ સભામાં રજૂ કરવાનો હતો. સમય ઓછો હતો. એ રાત્રે સુરૈયાજી પોતે દરજી પાસે ગયા. કાળજીપૂર્વક ખાદીના કાપડ પર કેસરી, સફેદ અને લીલા પટ્ટા 3:2 ના રેશિયો સાથે કાપવામાં આવ્યા.

મધ્યમાં સિલ્ક વણાટ સાથે અશોક ચક્ર ઉપસાવાયું. મશીનની સોયનો છેલ્લો ટાંકો વાગ્યો અને મને હર્ષભરી આંખે મને પહેલીવાર એ રૂમમાં લહેરાવવામાં આવ્યો. મારો નવો જન્મ થઈ ચૂક્યો હતો.

**ગત માસની ધમાચકડીમાં ચતુર કરો વિચાર (કીડીની વિચિત્ર સફર) નો જવાબ**

(C) દીવાલ અને ભોંયતળિયાને એક સપાટ કાગળની જેમ કલ્પના કરીને ત્રાંસી લીટીમાં ચાલવું.

**ઓગષ્ટ માસનું આયોજન**

અહિં ક્લિક કરો.

**ગત માસના લેખા -જોખા**

અહિં ક્લિક કરો.